રશિયાના મોટા હુમલામાં કિવમાં ૨૦નાં મોત

યુક્રેનની રાજધાની પર બુધવારે રાત્રે શરૂ કરાયેલા હુમલામાં અન્ય ૯૦ને ઇજા, વ્યાપક નુકસાન

રશિયન ઓઇલ રિફાઇનરીઓ પરના હુમલાના જવાબમાં હુમલો કરાયો

કિવ, તા. ૨(એપી): રશિયાએ બુધવારની આખી રાતથી લઈને ગુરુવારની સવાર સુધી કિવ પર એક મોટો ડ્રોન અને મિસાઈલ હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૨૦ નાગરિકોનાં મોત થયા છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. મોસ્કોએ આ હુમલાને યુક્રેન દ્વારા તેમના તેલ ક્ષેત્રો પર કરવામાં આવેલા હુમલાઓના બદલા તરીકે ગણાવ્યો છે, જેના કારણે રશિયામાં ઈંધણની અછત સર્જાઈ છે અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર દબાણ વધ્યું છે.

યુક્રેનની રાજધાની રાત્રિ દરમિયાન કલાકો સુધી જોરદાર વિસ્ફોટોથી ધ્રૂજી ઉઠી હતી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી અને અન્ય સત્તાવાળાઓ દ્વારા સંભવિત હુમલાની પ્રથમ ચેતવણી જારી કરાયા બાદ ઘણા લોકોએ સબવે સ્ટેશનોમાં આશ્રય લીધો હતો.

આ હુમલામાં કિવમાં ૨૦ લોકોના મોત થયા છે અને કિવના મેયર વિતાલી ક્લિત્સ્કોના જણાવ્યા અનુસાર ૯૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

યુક્રેનની વાયુસેનાએ જણાવ્યું હતું કે રશિયાએ આ હુમલામાં ૭૪ મિસાઈલો (જેમાંથી ૨૪ બેલિસ્ટિક હતી) અને વિવિધ પ્રકારના ૪૯૬ ડ્રોન છોડ્યા હતા.

યુક્રેને રશિયાની વધુ એક ઓઇલ રિફાઇનરી પર હુમલો કર્યો

યુક્રેનના જનરલ સ્ટાફે જણાવ્યું હતું કે, યુક્રેનિયન દળોએ મોસ્કોની પૂર્વમાં આવેલા નિઝની નોવગોરોડ ક્ષેત્રમાં રશિયાની સૌથી મોટી ઓઇલ રિફાઇનરીઓમાંથી એક પર રાત્રે હુમલો કર્યો હતો, જેના કારણે ત્યાં આગ લાગી ગઈ હતી. આ ઉપરાંત, યુક્રેનિયન દળોએ રશિયાના કબ્જા હેઠળના લુહાન્સ્ક ક્ષેત્રમાં સિવર્સ્કી ડોનેટ્સ નદી પર બનેલા એક રેલ્વે બ્રિજ પર પણ હુમલો કર્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. જનરલ સ્ટાફના જણાવ્યા અનુસાર, આ બ્રિજનો ઉપયોગ રશિયન દળો દ્વારા સૈનિકો, હથિયારો અને સૈન્ય સામગ્રીના પરિવહન માટે કરવામાં આવતો હતો.

અટલ ટનલ બહાર બેરિકેડ્સ તોડી સ્કોર્પિયો નિર્માણાધીન પુલ પર લટકી!

શિમલા : તા. 2: હિમાચલ પ્રદેશમાં અટલ ટનલના નોર્થ પોર્ટલ પાસે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. સ્કોર્પિયો અકસ્માતગ્રસ્ત થવાના કારણે એક પ્રવાસીનું મોત નીપજ્યું છે અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા છે. પ્રાથમિક તપાસ પરથી જાણવા મળે છે કે, આ અકસ્માત તેજ રફતારના કારણે થયો હોઈ શકે છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, ટનલમાંથી બહાર નીકળતાં જ ડ્રાઇવરે એસયુવી પરથી નિયંત્રણ ગુમાવી દીધું હતું. ત્યાર બાદ ગાડી રોડ કિનારે લગાવેલા બેરિકેડ્સને તોડીને નીચે ખાબકી હતી અને નિર્માણાધીન પુલ પર લટકી ગઈ હતી. અકસ્માત પછીની જે તસવીરો અને વીડિયો સામે આવ્યા છે, તે રૂંવાડાં ઊભાં કરી દે તેવા છે.

ટક્કર એટલી જોરદાર હતી કે, અધૂરા બનેલા માળખામાંથી નીકળેલા લોખંડના સળિયા ગાડીની અંદર ઘૂસી ગયા. ઘટના સ્થળના વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. મૃતકની ઓળખ રાજસ્થાનના રહેવાસી 34 વર્ષીય કૈલાસ તરીકે થઈ છે. ઘાયલ થયેલા ત્રણ પ્રવાસીઓની ઓળખ ઉત્તર પ્રદેશ લખીમપુર ખીરીના રહેવાસી આદિત્ય, સીકર ખાટુ શ્યામના સિદ્ધાર્થ સિંહ શેખાવત તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ગ્રુપ મનાલીથી લાહૌલ જઈ રહ્યું હતું, ત્યારે આ અકસ્માત થયો હતો.

૨૦૨૭માં બુલેટ ટ્રેન દોડતી કરી દેવાના ભારતના લક્ષ્યને જાપાનનો ટેકો

અમદાવાદ-મુંબઇ રૂટ પર અત્યાધુનિક E10-શિંકાનસેન બુલેટ ટ્રેન દોડાવાશે

ભારતમાં અન્ય રૂટો પર પણ બુલેટ ટ્રેન શરૂ કરવામાં સહકાર આપવા જાપાનની તૈયારી

નવી દિલ્હી, તા. ૨: અમદાવાદ-મુંબઇ હાઇ સ્પીડ રેલ કોરીડોર પર ટ્રેન સેવાઓ ૨૦૨૭માં વેપારી ધોરણે શરૂ કરી દેવાના ભારતના લક્ષ્યને જાપાને આજે ટેકો આપ્યો હતો અને ભારતના ભવિષ્યના હાઇ સ્પીડ રેલ પ્રોજેક્ટોમાં સહકાર આપવાની તૈયારી બતાવી હતી.

આ પ્રતિબદ્ધતા ૧૬મા ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલન પછી જાહેર કરવામાં આવેલા એક સંયુક્ત નિવેદનમાં દર્શાવવામાં આવી હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન સનાઈ તાકાઈચિએ દ્વિપક્ષીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહયોગની પ્રગતિની સમીક્ષા કરી હતી. સંયુક્ત નિવેદન અનુસાર, વડાપ્રધાન તાકાઈચિએ જણાવ્યું હતું કે ૨૦૨૭માં મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ પ્રોજેક્ટના અગ્રતા ધરાવતા સેક્શન પર વ્યાપારી કામગીરી શરૂ કરવાના ભારતના લક્ષ્યને જાપાન સંપૂર્ણપણે સમર્થે છે અને તે ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે જરૂરી સહયોગ આપવા માટે પ્રતિબદ્ધ છે. બંને નેતાઓએ આ કોરિડોર પર આગામી પેઢીની E10 શિંકાનસેન ટ્રેનો શરૂ કરવાના લક્ષ્યનો પણ સ્વીકાર કર્યો હતો, જે બંને દેશો વચ્ચેના લાંબા સમયથી ચાલી આવતા ફ્લેગશિપ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહયોગમાં વધુ એક પગલું દર્શાવે છે.

મુંબઈ-અમદાવાદ કોરિડોર ઉપરાંત, બંને પક્ષો ભવિષ્યના હાઇ-સ્પીડ રેલ કોરિડોર પર સહયોગની શક્યતાઓ શોધવા પણ સંમત થયા હતા, કારણ કે ભારત ૭,૦૦૦ કિલોમીટરના રાષ્ટ્રીય હાઇ-સ્પીડ રેલ નેટવર્ક વિકસાવવાના તેના વિઝન પર આગળ વધી રહ્યું છે.

AI આધારિત દલીલોના આધારે અપાયેલા ચુકાદાને સુપ્રીમ કોર્ટે રદ કર્યો

વકીલે એઆઇના આધારે દલીલો તૈયાર કરી હતી જેમાં અસ્તિત્વમાં જ નહીં હોય તેવા કેસોના ઉદાહરણો ટાંકવામાં આવ્યા હતા!

આ દલીલોના આધારે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે ચુકાદો પણ આપી દીધો હતો, એક કંપનીની નાદારીના કેસ પરના NCLTના ચુકાદાને સુપ્રીમ કોર્ટ રદ કર્યો

વકીલો આવી રીતે કેસ તૈયાર કરે તે સામે શૂન્ય સહિષ્ણુતા દાખવવા અદાલતોને કડક સૂચના

નવી દિલ્હી, ૨ જુલાઈ (PTI): આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા તૈયાર કરાયેલા અસ્તિત્વમાં ન હોય તેવા, નકલી અને ભ્રામક ચુકાદાઓના ઉપયોગ સામે લાલ આંખ કરતા, સુપ્રીમ કોર્ટે ગુરુવારે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)ના એક ચુકાદાને રદબાતલ ઠેરવ્યો હતો અને જણાવ્યું હતું કે અદાલતોએ AI-જનરેટેડ પૂર્વચુકાદાઓ ટાંકવા અથવા તેનો ઉપયોગ કરવા સામે શૂન્ય સહિષ્ણુતા દાખવવી જોઈએ.

જસ્ટિસ પી. એસ. નરસિમ્હા અને આલોક અરાધેની ખંડપીઠે જણાવ્યું હતું કે, નકલી, અસ્તિત્વમાં ન હોય તેવી અને ભ્રામક સામગ્રીનું ઉત્પાદન અને કાયદામાં પૂર્વચુકાદા તરીકે તેનો ઉપયોગ, કાયદા અને ન્યાયના ક્ષેત્રમાં મિથાઈલ આઈસોસાયનાઈડ ગેસ છોડવા સમાન છે: જે અદ્રશ્ય, કપટી અને કોઈનું ધ્યાન જાય ત્યાં સુધીમાં તો વિનાશક સાબિત થાય છે. તે ન્યાયિક નિર્ણયની પ્રક્રિયાને માત્ર દૂષિત જ નથી કરતું, પરંતુ તેના મૂળ આત્માને જ છીનવી લે છે.

એસેલ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સના નાદારીના કેસ પરના NCLTના ચુકાદાને સુપ્રીમ કોર્ટે એ બાબતની નોંધ લીધા પછી રદ કર્યો હતો કે ટ્રિબ્યુનલે AI ટૂલ્સ દ્વારા જનરેટ કરાયેલા અસ્તિત્વમાં ન હોય તેવા, નકલી અને કાલ્પનિક ચુકાદાઓના પૂર્વઉદાહરણો પર ભરોસો મૂક્યો હતો.

હવે ભારતની પૂર્વમાં નવો કોરિડોર રચવાની ચીનની હિલચાલ

પશ્ચિમમાં CPEC પછી હવે ભારતની પૂર્વમાં મ્યાનમાર થઇને બાંગ્લાદેશ સુધી જતી કોરિડોર રચવાનો પ્રસ્તાવ

બંગાળના અખાતના ક્ષેત્ર પર પ્રભાવ પાથરવાની સ્પષ્ટ મહત્વાકાંક્ષા

નવી દિલ્હી, તા. ૨: ચીનનો દક્ષિણ એશિયામાં મહત્વાકાંક્ષી કનેક્ટિવિટી વધારવાનો પ્રયાસ હવે એક નવા તબક્કામાં પ્રવેશી રહ્યો છે. આ વખતે તે ભારતના પૂર્વ ભાગમાં છે. ચાઇના-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોર (CPEC)માં અબજો ડોલર ઠાલવ્યા પછી, બેઇજિંગે હવે મ્યાનમાર થઇને ચીનને બાંગ્લાદેશ સાથે જોડતા આર્થિક કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો છે. અરબી સમુદ્ર સુધી પહોંચ મેળવ્યા બાદ, ચીન હવે બંગાળની ખાડી સુધીના માર્ગ પર નજર રાખી રહ્યું છે.

અહેવાલો અનુસાર, બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનની તાજેતરની બેઇજિંગ મુલાકાત દરમિયાન ચીને આ આંતરરાષ્ટ્રીય આર્થિક કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો હતો, જ્યાં રાષ્ટ્રપતિ શી જિનપિંગે દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવાના વ્યાપક પ્રયાસોના ભાગરૂપે આ વિચારને સમર્થન આપ્યું હતું.

કાગળ પર, આ પ્રસ્તાવ હિતધારક દેશો માટે વધુ સારી કનેક્ટિવિટી, વ્યાપાર અને મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટનું વચન આપે છે. બાંગ્લાદેશના અધિકારીઓએ જણાવ્યું હતું કે આનાથી વાણિજ્યને વેગ મળી શકે છે, તેમના બંદરોનું આધુનિકીકરણ થઈ શકે છે અને ચીનના બજારો સુધી પહોંચ સુધરી શકે છે.

ભારતની પશ્ચિમે CPEC છે, જે પશ્ચિમી ચીનને પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલા ભારતીય પ્રદેશ મારફતે બલૂચિસ્તાન સાથે જોડે છે. ભારતે સતત આ પ્રોજેક્ટનો વિરોધ કર્યો છે, અને દલીલ કરી છે કે તે ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કરે છે કારણ કે તે ગિલગિટ-બાલ્ટિસ્થાનમાંથી પસાર થાય છે.

રામમંદિર ઉચાપત: અનિલ મિશ્રાની બંધબારણે પૂછપરછ

આરોપી લવકુશ મિશ્રાના મકાન પર બુલડોઝર એક્શનની તૈયારી

અયોધ્યાના વકીલોએ વિરોધ કૂચ કાઢી: મૂળ FIR નોંધાવનાર ટ્રસ્ટી કૃષ્ણ મોહન પણ સંડોવાયેલા હોવાનું પોલીસને જણાવ્યું

આરોપીઓ પાસેથી કેટલીક રોકડ અને વસ્તુઓ મળી

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન મળી આવેલા રોકડ નાણાંમાં અવિનાશ શુક્લા પાસેથી ૨૦.૩૯ લાખ, કરુણેશ પાંડે પાસેથી ૧૮.૦૭ લાખ, અનુકલ્પ મિશ્રા પાસેથી ૧૬.૮૨ લાખ, લવકુશ મિશ્રા પાસેથી ૧૪.૨૫ લાખ, રમાશંકર મિશ્રા પાસેથી ૭.૩૨ લાખ અને રમાશંકર યાદવ ઉર્ફે ટિન્કુ પાસેથી ૧ લાખ સામેલ છે. તપાસ દરમિયાન પોલીસે આશરે ૧૧ ગ્રામ સોનું, લગભગ ૩૭૫ ગ્રામ ચાંદી અને ૧,૧૨૧ યુએસ ડોલર પણ જપ્ત કર્યા છે.

અયોધ્યા, તા. ૨૨: રામ મંદિરમાં આવતા દાન અને ચઢાવાની કરોડો રૂપિયાની થયેલી ઉચાપતના કૌભાંડ અંગે ઉત્તર પ્રદેશ પોલીસની ખાસ તપાસ ટુકડી(સીટ) દ્વારા મંદિરના ટ્રસ્ટી અનિલ મિશ્રાની આજે બંધબારણે પૂછપરછ કરવામાં આવી હતી, જ્યારે અયોધ્યાના વકીલ મંડળે માગ કરી છે કે ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય સામે પણ એફઆઇઆર દાખલ કરવામાં આવે. ચંપત રાયની પણ આજ ફરીથી પૂછપરછ કરવામાં આવી હતી. તેમને, અનિલ મિશ્રાને અને ગોપાલ રાવને સાથે બેસાડીને પણ પૂછપરછ કરવામાં આવી હતી.

પોલીસ અને સત્તાવાર સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું કે, રામ મંદિર દાન ચોરીના આરોપી લવકુશ મિશ્રાની પત્નીના નામે કથિત ગેરકાયદેસર મકાન બાંધકામ બદલ અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટી (ADA) એ તેને નોટિસ પાઠવી છે.

અક્ષય કુમારે એક મહિનામાં ચાર ફ્લેટ ૨૦ કરોડ રૂપિયામાં વેચ્યા

મુંબઈ, તા. ૨ : બોરીવલીમાં પોતાના બે ફ્લેટ વેચ્યાના બરાબર એક મહિના પછી, અક્ષય કુમારે મુંબઈના મુલુંડ વેસ્ટમાં વધુ બે લક્ઝરી ફ્લેટ વેચ્યા છે. પ્રોપર્ટી રજીસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, આ પ્રોપર્ટીઝના કુલ ૧૨.૩૮ કરોડ રૂપિયા ઉપજ્યા છે. અક્ષયે ઓક્ટોબર ૨૦૧૭ માં ઓબેરોય કન્સ્ટ્રક્શન પાસેથી આ બંને ફ્લેટ કુલ ૯ કરોડ રૂપિયામાં ખરીદ્યા હતા, જેનો અર્થ એ છે કે તાજેતરના વેચાણથી તેને 3.3 કરોડ રૂપિયાથી વધુનો નફો થયો છે. આ અભિનેતાએ જૂન મહિનામાં બોરીવલી ઇસ્ટમાં ઓબેરોય સ્કાય સિટી કોમ્પ્લેક્સમાં વધુ બે ફ્લેટ વેચ્યા હતા. ૧,૧૦૧ ચોરસ ફૂટનો કાર્પેટ એરિયા ધરાવતો એક ફ્લેટ ૫.૭૫ કરોડ રૂપિયામાં વેચાયો હતો, જ્યારે ૨૫૨ ચોરસ ફૂટનો બીજો ફ્લેટ ૧.૩૫ કરોડ રૂપિયામાં વેચાયો હતો.

રવિવારે લગ્ન પછી આમિર ખાન-ગૌરી રિસેપ્શન નહીં યોજે

મુંબઈ, તા. ૨ : અભિનેતા આમિર ખાન આ રવિવારે તેમના નિવાસસ્થાને તેમની પાર્ટનર ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે. લગ્ન સંપૂર્ણપણે એક ખાનગી પ્રસંગ રહેશે, જેમાં માત્ર નજીકના પરિવારજનો અને મિત્રો જ હાજર રહેશે. આ કપલ સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવીને પોતાના લગ્નને કાનૂની સ્વરૂપ આપશે. કોઈ ભવ્ય રિસેપ્શન માટેનું આયોજન ન હોવાથી કાનૂની પ્રક્રિયાઓ પછી આમિરના ઘરે જ એક નાનકડી ઉજવણી કરવામાં આવશે. ખાન, જેમણે તાજેતરમાં જ પુષ્ટિ કરી હતી કે તેઓ અને ગૌરી પ જુલાઈએ લગ્ન કરવાના છે, ખાને જણાવ્યું હતું કે, તેઓએ નજીકના પરિવાર અને મિત્રોની હાજરીમાં એક સાદા રજિસ્ટર્ડ મેરેજનો વિકલ્પ પસંદ કર્યો છે.

૨૦૧૫થી ગોલબ્લેડર સ્ટોનની સમસ્યાથી પીડાય છે દિલજીત દોસાંઝ

મુંબઈ, તા. 2: ઇમ્તિયાઝ અલીની ફિલ્મ 'મૈં વાપસ આઉંગા'માં દિલજીત દોસાંઝ નિર્વૈર ગ્રેવાલનું પાત્ર ભજવી રહ્યો છે, જે દર્શકોને ખૂબ જ ગમે છે. અભિનેતાએ તાજેતરમાં એક ઇન્ટરવ્યૂમાં પોતાના અંગત જીવન વિશે કેટલીક વાતો શેર કરી હતી. દિલજીતે ખુલાસો કર્યો હતો કે, તેઓ એક દાયકાથી વધુ સમયથી પિત્તાશયની પથરીની સમસ્યા સામે લડી રહ્યા છે.

શ્રી સરદાર સ્મારક હોસ્પિટલ ટ્રસ્ટ બારડોલી

પુત્રી વર્ષાબેન નલીનભાઈ પટેલ તરફથી સ્વ. રમણભાઈ ઈશ્વરભાઈ પટેલ - શામપુરાનાં સ્મરણાર્થે ગામ-પુણા ટ્રસ્ટને રૂા.૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ પુરા) નું ઉમદા અને અનુકરણીય દાન પ્રાપ્ત થયુ છે.દાતાનો કાર્યવાહક સમિતિ અને ટ્રસ્ટ મંડળ હાર્દિક આભાર માને છે.

મહે.સુરતનાં ૯માં એડી. સીવીલ જડજ સાહેબની કોર્ટમાં

રૂમ નં :- ૫, પહેલો માળ, એફ.ટી.સી. બિલ્ડીંગ, જીલ્લા ન્યાયાલય, નવી કોર્ટ બિલ્ડીંગ કેમ્પસ, અઠવાલાઈન્સ, સુરત. રેગ્યુ.ટી.મુનં. ૫૯૨/૨૦૧૪

વાદી :- કિર્તિભાઈ કેશાભાઈ પટેલ વિરૂધ્ધ પ્રતિવાદી :- હેમંતભાઈ જયંતીભાઈ ઉર્ફે ગાંડાભાઈ વિગેરે ઠરાવ તા: ૧૪/૦૮/૨૦૨૬ વાદી વકીલશ્રી સલીલ આર. કિનખાબવાલા

(૧) મર્હુમ જયંતિલાલ ઉર્ફે ગાંડાભાઈ પરભુભાઈના વારસદારો (૧/૧) હેમંતભાઈ જયંતિભાઈ ઉર્ફે ગાંડાભાઈ જાતના : હિન્દુ, ઉ.આ.વ.પુખ્ત વયના, ધંધો : ખેતી, રહેવાસી : મુ.પો. ભીમપોર, તા. સીટી, જી. સુરત. (૧/૨)ગીરીશભાઈ જયંતિભાઈ ઉર્ફે ગાંડાભાઈ જાતના : હિન્દુ, ઉ.આ.વ.પુખ્ત વયના, ધંધો :ખેતી, રહેવાસી : મુ.પો. ભીમપોર, તા. સીટી, જી. સુરત. (૧/૩) હિનાબેન જયંતિભાઈ ઉર્ફે ગાંડાભાઈ જાતના : હિન્દુ, ઉ.આ.વ.પુખ્ત વયના, ધંધો : ખેતી, રહેવાસી : મુ.પો. ભીમપોર, તા. સીટી, જી. સુરત. (૧/૪) નંદુબહેન જયંતિભાઈ ઉર્ફે ગાંડાભાઈ પરભુભાઈની વિધવા જાતના : હિન્દુ, ઉ.આ.વ.પુખ્ત વયના, ધંધો : ખેતી, રહેવાસી : મુ.પો. ભીમપોર, તા. સીટી, જી. સુરત (૩) બળવંતભાઈ હરિભાઈ, જાતના : હિન્દુ, ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : ખેતી, રહેવાસી : એજનના. (૪) માણેકભાઈ હરિભાઈ, જાતના : હિન્દુ, ઉ.આ.વ.પુખ્ત વયના, ધંધો : ખેતી,રહેવાસી : એજનના (૬) સુમનબેન ગજેન્દ્રકુમાર, જાતના : હિન્દુ, ઉ.આ.વ. પુખ્ત વયના, ધંધો : ઘરકામ, રહેવાસી : ખાંડવાલા એસ્ટેટ, પાર્લે પોઇન્ટ, અઠવાલાઈન્સ, સુરત. (૭) ચંપાબેન જમનાદાસ, જાતના હિન્દુ, ઉ.આ.વ. પુખ્ત વયના, ધંધો : ઘરકામ, રહેવાસી : એજનના. (૮) વાસંતીબેન જયંતીલાલ, જાતના : હિન્દુ, ઉ.આ.વ. પુખ્ત વયના, ધંધો : ઘરકામ, રહેવાસી : ૬/૮૬૫, છાપરીયા શેરી, મહિદરપુરા, સુરત. (૯) અરવિંદભાઈ જયંતીલાલ શાહ, જાતના હિન્દુ, ઉ.આ.વ. પુખ્ત વયના, ધંધો : વેપાર, રહેવાસી : ૭૦૭, રોયલ પેલેસ, અગ્રવાલ સમાજની વાડી સામે, ઘોડદોડ રોડ, સુરત. (૧૦) જયેશભાઈ ભુદરમાઈ પટેલ, જાતના : હિન્દુ, ઉ.આ.વ.પુખ્ત વયના, ધંધો: વેપાર, રહેવાસી: આમ્રકુંજ બંગલો, આરોગ્ય નગર સોસાયટી, અઠવાલાઈન્સ, સુરત. (૧૧) બચુભાઈ ખુબચંદ શાહ, જાતના હિન્દુ, ઉ.આ.વ.પુખ્ત વયના, ધંધો : વેપાર, રહેવાસી : ૮-બી, એ ટાવર, સિધ્ધા ક્ષેત્ર એપાર્ટમેન્ટ, પાર્લે પોઇન્ટ, સુરત.

અમો વાદીએ રેગ્યુ.ટી.મુનં. ૫૯૨/૨૦૧૪ ના કામે આંક-૩૯. થી જાહેર સમન્સની અરજી આપેલ હતી અને તે ઉપર નામ.કોર્ટે હુકમ કરતા આ જાહેર સમન્સ આપેલ છે. સદરહુ દાવાની હવે પછીની ઠરાવ તા.૧૪/૦૮/૨૦૨૬ ની રાખવામાં આવેલ છે જેથી તે દિવસે તમોએ જાતે અગર વકીલ મારફતે સવારે ૧૧:૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરીમાં ઉપરોકત દાવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે,જેની નોંધ લેશોજી.

આજ તારીખ .૦૧ મી માહે : જુલાઈ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીકકા કરી આપ્યા.

તૈયાર કરનાર (ડી. એમ. ચૌહાણ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (સુનિલ બી. પટેલ) બેન્ચ કલાર્ક | કોર્ટનો સીકો | હુકમથી (હીના દેસાઈ) રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ, સુરત.

૧૦ વર્ષમાં ૧૦ ટ્રિલિયન યેનનું રોકાણ લાવશે જાપાન

નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદી અને જાપાનના મુલાકાતી વડાપ્રધાન તાકાઇચી વચ્ચે વાર્ષિક શિખર મંત્રણા યોજાઇ

સેમિકન્ડક્ટર, એઆઇ અને ક્વોન્ટમ ટેકનોલોજી ક્ષેત્રે બંને દેશો હાથ મિલાવશે

ભારતમાં સ્થપાશે ૧,૦૦૦ બાયો-ગેસ પ્લાન્ટ, ચીન સરહદે ઇન્ડો-પેસિફિક મુદ્દે પણ ચર્ચા

નવી દિલ્હી, ૨ જુલાઈ (PTI) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના જાપાની સમકક્ષ સાનાએ તાકાઈચી વચ્ચે યોજાયેલી શિખર વાર્તાલાપ બાદ, ભારત અને જાપાન દ્વારા ગુરુવારે એક આર્થિક ભાગીદારી માળખું, સૈન્ય સાધનોના સહ-વિકાસ માટે સંરક્ષણ કરાર અને તેલના સંકટોને પહોંચી વળવા માટે ઉર્જા સંબંધોને વધારવાના પગલાં સહિત અનેક ઐતિહાસિક પહેલોની જાહેરાત કરવામાં આવી છે. આ બેઠકના મુખ્ય પરિણામોમાં આર્થિક સુરક્ષા પરની એક જાહેરાત, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)ના ક્ષેત્રમાં સહયોગ માટેનું સંયુક્ત નિવેદન અને ઉર્જા સપ્લાય ચેઇનમાં જોડાણને મજબૂત કરવા માટેનો એક દસ્તાવેજ સામેલ હતા. બંને પક્ષોએ જહાજ નિર્માણ, ઉડ્ડયન અને લોજિસ્ટિક્સમાં સહયોગ માટે જરૂરી માળખું પૂરું પાડવા માટે એક ગતિશીલતા માળખાને પણ આખરી ઓપ આપ્યો હતો.

મોદીએ તાકાઇચીને પોતાના નાના બહેન ગણાવ્યા

હિન્દીમાં કરેલા સંબોધનમાં જાપાનીઝ શબ્દો પણ વાપર્યા

નવી દિલ્હી, ૨ જુલાઈ (PTI) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે અહીં એક સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન પોતાના નિવેદનમાં તેમના જાપાની સમકક્ષ સાનાએ તાકાઈચીને પોતાના નાના બહેન કહીને સંબોધ્યા હતા અને તેમને એક દૂરદર્શી અને લોકપ્રિય નેતા તરીકે બિરદાવ્યા હતા.

મોદીએ આ ટિપ્પણી હિન્દીમાં કરી હતી, અને એક ટેકનિકલ ઉપકરણ દ્વારા તેનું જાપાનીઝમાં થઈ રહેલું ભાષાંતર સાંભળી રહેલા તાકાઈચીએ આ ચેષ્ટા પર હળવા સ્મિત સાથે પ્રતિક્રિયા આપી હતી. મહામેહિમ, અને મારી નાની બહેન વડાપ્રધાન ટકાઈચી, બંને દેશોના પ્રતિનિધિઓ, મીડિયાના સભ્યો, નમસ્કાર! કોન્નીચીવા એમ મોદીએ તેમના સંબોધનની શરૂઆત કરતા કહ્યું. કોન્નીચીવા એ જાપાનીઝ શબ્દ છે જે કોઈનું અભિવાદન કરતી વખતે વપરાય છે. ભારતીય વડાપ્રધાને આભાર વ્યક્ત કરવા માટે હિન્દી 'બહુત બહુત ધન્યવાદ' અને જાપાનીઝ 'અરિગાતો ગોઝાઈમાસુ' બંને ભાષાના શબ્દોનો ઉપયોગ કરીને પોતાના ભાષણની પૂર્ણાહુતિ કરી હતી.

તાકાઈચી ૧૬મી ભારત-જાપાન વાર્ષિક સમિટ માટે મોદીના આમંત્રણ પર ૧ થી ૩ જુલાઈ દરમિયાન ભારતની મુલાકાતે છે. જાપાનીઝ ભાષામાં આપેલા પોતાના સંબોધનમાં, જેનું અંગ્રેજીમાં ભાષાંતર થઈ રહ્યું હતું, તાકાઈચીએ મોદીની તે ટિપ્પણીનો સ્વીકાર કર્યો જેમાં તેમણે તેમને નાની બહેન ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે ... અમે પુષ્ટિ કરી છે કે અમે આ સંબંધને ભાઈ અને બહેન તરીકે વિકસાવવા માટે એક સમાન મત ધરાવીએ છીએ.